


# પરમાત્માનો સત્ય પરિચય

બ્ર. કુ. પ્રફુલચંદ્ર શાહ



## પ્રસ્તાવના:-

વિશ્વમાં સદીઓથી ચર્ચાતો જો કોઈ સૌથી વધારે વિવાદાસ્પદ વિષય હોય તો તે પરમાત્મા છે. આજે પણ પરમાત્મા વિષે અનેકાનેક માન્યતાઓ, ધારણાઓ, વિચારધારાઓ પ્રવર્તે છે. આજે વિશ્વમાં પરમાત્માના અસ્તિત્વ વિષે શંકા રાખનારાઓની પણ ખોટ નથી, તો તેના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખી આસ્થાથી તેનો સ્વીકાર કરનારાઓની અને તેનું સ્મરણ કરનારાઓની પણ ખોટ નથી. પરમાત્મા છે કે કેમ? છે તો કોણ છે? કેવા છે? ક્યાં છે? એવા અનેક પ્રશ્નોમાં આજનો માનવી અટવાયેલો છે. એક કવિ કહે છે- "મને કહોને પરમેશ્વર કેવા હશે? કેવા હશે ને ક્યાં રહેતાં હશે?" ઈશ્વર વિષે જે અનેક વિરોધાભાસી મંતવ્યો પ્રવર્તે છે તે સમય અનુસાર બદલાતા પણ રહ્યા છે તેમજ દિન-પ્રતિદિન વધતા પણ જાય છે. કેટલાંક ધ્યાન દોરે તેવા વિરોધાભાસી મંતવ્યો નીચે પ્રમાણે છે.

## પરમાત્માવિષે વિરોધાભાસી મંતવ્યો:-

- **નાસ્તીક્વાદ:** આજે વિશ્વમાં એવી અનેક વ્યક્તિઓ છે જે પરમાત્માના અસ્તિત્વનો જ સ્વીકાર કરતી નથી અર્થાત્ તેમના મતે પરમાત્મા જેવી કોઈ વસ્તુ કે હસ્તિ છે જ નહી.
- **આસ્તીક્વાદ:** બીજી બાજુ વિશ્વમાં આજે મોટાભાગે એવી વ્યક્તિઓ છે, જેને ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા છે. ભલે પછી તેમને ઈશ્વરનો સત્ય પરિચય ન પણ હોય, પરંતુ તેઓ શ્રદ્ધાપૂર્વક માને છે કે આ જગતમાં ઈશ્વર જેવી હસ્તિ જરૂર છે.
- **એકેશ્વરવાદ :** કેટલાક એવું સ્પષ્ટ માને છે કે જગતનિયંતા ઈશ્વર એક જ હોઈ શકે, અનેક નહિ અર્થાત્ ઈશ્વર એક જ છે ભલે તેને ઈશ્વર કહો યા અલ્લાહ યા કોઈ અન્ય નામ કહો.
- **અનેકેશ્વરવાદ :** કેટલાક એવા પણ છે જે 'ઈશ્વર અનેક હોઈ શકે' એવું માનેછે.
- **અદ્વૈતવાદ:** કેટલાક એવું પણ માનનારા છે કે આત્માથી પરમાત્મા અલગ નથી, આત્મા એ જ પરમાત્મા છે.
- **દ્વૈતતવાદ:** કેટલાક એવું પણ માને છે કે પરમાત્માનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે તેથી જીવાત્મા અને પરમાત્મા અલગ છે.
- **અવતારવાદ:** કેટલાક એવું માને છે કે પરમાત્મા અનેક અવતાર લે છે.
- **બીનઅવતારવાદ:**કેટલાક પરમાત્મા અવતાર લે છે, તેનો સ્વીકાર કરતા .નથી.

- **સર્વવ્યાપક્વાદ** : કેટલાક માને છે કે પરમાત્મા સર્વવ્યાપી છે અને કણ-કણમાં વ્યાપ્ત છે, જયારે અન્ય એવું માને છે કે પરમાત્મા કણ-કણમાં વ્યાપ્ત નથી પરંતુ પરમધામના નિવાસી છે.
- કોઈ પરમાત્માને નામ રૂપવાળા માને છે, તો કોઈ પરમાત્માને નામરૂપથી ન્યારા માને છે.
- કેટલાંક સ્વયંને પરમાત્માનો દાસ માને છે તો કોઈ સ્વયંને "શિવોહમ્ (હું જ શિવ છું)" અથવા'અહમ્ બ્રહ્માસ્મિ' (હું જ બ્રહ્મ છું) કહી પોતાને જ ભગવાન માને છે અને પોતાની પૂજા કરાવે છે.
- આજે વિશ્વમાં સગુણ સાકરથી લઇ નિર્ગુણ નિરાકાર સુધીના પરમાત્મા વિષેના વિરોધાભાસી વિચારો પ્રવર્તે છે.
- કોઈ પરમાત્માને પ્રિયતમ (મીરાં), કોઈ પોતાના માલિક (સાઈ બાબા), કોઈ મિત્ર-સખા (સુદામા) માને છે. મોટા ભાગે લોકો એમને પોતાના માતા-પિતા પણ માને છે (ત્વમેવમાતાશ્ચ, પિતા ત્વમેવ).

## પરમાત્માના અસ્તિત્વની અનિવાર્યતા

ભલે ઈશ્વર વિષે અનેકાઅનેક માન્યતાઓ પ્રવર્તી હોય, પરંતુ એક વાત નિશ્ચિત રૂપે સ્વીકારવી જ રહી કે આ જગત જે એક બેહદનું નાટક છે, જે સુચારુ રૂપે ચાલ્યા કરે છે તેના નિયામક(વ્યવસ્થા કરનાર) જરૂર હોવા જોઈએ. નાની મોટી કોઈ સંસ્થાના સંચાલન માટે પણ તેનો સંચાલક હોય છે. જેમકે એક પરિવારના સંચાલન માટેપણ કોઈ જવાબદાર વ્યક્તિ હોય છે. સ્કૂલ જેવી સંસ્થાના સંચાલન માટે પ્રીન્ચીપાલ નિયુક્ત કરવામાં આવે છે. રાજ્યના સંચાલન માટે રાજા અથવા મુખ્ય મંત્રી હોવો જરૂરી છે. દેશના સંચાલન માટે પ્રમુખ અથવા વડાપ્રધાન હોવા જરૂરી છે. તેજ પ્રમાણે સચોટ સિદ્ધાંતો પર સુવ્યવસ્થિત રીતે ચાલતા આ વિશ્વ નાટકનો પણ કોઈ નિયામક હોવો અનિવાર્ય છે.

આ જગતનો નિયંતા છે જ, સવાલ ફક્ત તેને ઓળખવાનો અને તેનો સત્ય પરિચય પ્રાપ્ત કરવાનો છે. ઈશ્વર પ્રત્યેની આપણી ભાવના અને શ્રદ્ધાના આધારે તેમજ ઈશ્વર વિષેના કેટલાંક સર્વમાન્ય સત્યોના આધારે આપણે ઈશ્વરને વધુ સારી રીતે ઓળખી શકીએ છીએ અને સમજી શકીએ છીએ. ઈશ્વરની સાચી ઓળખ અને સત્ય વિષેનો પરિચય નીચેના પાંચ મુદ્દાઓના આધારે આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ.

## પરમાત્માના સત્ય સ્વરૂપની ઓળખના પાંચ મુદ્દાઓ :-

### ૧. પરમાત્મા તેને જ કહી શકાય જે સર્વમાન્ય હોય.

સર્વ પ્રથમતો પરમાત્મા વિશ્વના સર્વ ધર્મોની આત્માઓના પિતા છે. માટે તેમનો સત્ય પરિચય એવો હોવો જોઈએ કે જે વિશ્વની બધી જ મનુષ્ય આત્માઓને સ્વીકાર્ય હોય. પરમાત્મા કોઈ એક ખાસ ધર્મ કે સંપ્રદાયના પિતા નથી.

### ૨. પરમાત્મા આપણે તેને જ કહી શકીએ જે સર્વોચ્ચ અને સર્વોત્તમ હોય.

પરમાત્મા માટે આપણે  પરમ, સર્વોચ્ચ, અકબર (મહાન) જેવા શબ્દોનો પ્રયોગ કરીએ છીએ. પરમ, સર્વોચ્ચ અથવા અકબર શબ્દનો અર્થ થાય છે સર્વોત્તમ અર્થાત્ જેની સમકક્ષ તેમજ તેની ઉપર પણ કોઈ જ નથી. એટલે આ બાબતથી એ સ્પષ્ટ થાય છે કે પરમાત્માને કોઈ માતા-પિતા ન હોઈ શકે, કારણકે તેઓ આખા જગતના પરમપિતા છે. તેમના કોઈ શિક્ષક પણ ન હોઈ શકે, કારણકે તેઓ સર્વજ્ઞ હોવાના નાતે આખા જગતના શિક્ષક છે. તે જ પ્રમાણે તેમને કોઈ ગુરુ પણ ન હોય શકે  કારણકે તેઓ આખા જગતના  મુક્તિદાતા, મુક્તેશ્વર હોવાના નાતે સતગુરુ  અર્થાત્ જગતગુરુ છે.

### 3. પરમાત્મા તેને જ કહી શકાય જે “સર્વજ્ઞ” હોય.

પરમાત્માને આપણે જાનીજાનનહાર (બધું જાણનારા) કહીએ છીએ અર્થાત્ આપણે એમ માનીએ છીએ કે પરમાત્માથી કશુંજ અજ્ઞાત નથી. તેમને આપણે જ્ઞાનસાગરના રૂપમાં યાદ કરીએ છીએ. જયારે આપણને કોઈ વાતનો ખ્યાલ આવતો નથી અથવા કોઈ વાતને આપણે જાણતા નથી, ત્યારે આપણે એમ કેહતા હોઇએ છીએ કે ઉપરવાળો જાણે. આ બાબતથી પણ એ સ્પષ્ટ થાય છે કે પરમાત્મા એવી હસ્તિને જ માની શકાય જે સર્વજ્ઞ હોય.

ગીતામાં પણ ભગવાને પોતે સર્વજ્ઞ હોવાથી વાત જણાવતા કહ્યું છે કે,

**वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।**

**भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥  ------(अध्याय -७, श्लोक -२६)**

અર્થાત્ હે અર્જુન, પરમેશ્વર તરીકે હું જે કંઇ ભૂતકાળમાં થયેલું છે, જે વર્તમાનમાં થઇ રહ્યુંછે અને જે હવે થવાનું છે તે બધું જ જાણું છું. હું સર્વ જીવોને જાણું છું પરંતુ મને કોઈ જાણતું નથી.

## ૪. પરમાત્મા તેને જ કહી શકાય જે "સર્વશક્તિમાન અને સર્વ ગુણોંના ભંડાર" હોય.

પરમાત્માને આપણે ગુણોંના સાગર, સર્વશક્તિઓનો ભંડાર માનતા આવ્યા છીએ. તેમની અપરંપાર મહિમા કરતા આવ્યા છીએ. પરમાત્માની અપાર મહિમા નીચેના શ્લોકમાં સુંદર રીતે વર્ણન કરવામાં આવેલ છે.

**असितगिरि समंस्यात कज्जलं सिंधुपात्रे।**

**सुर तरुवर शाखा लेखिनी पत्रमूर्वि॥**

**लिखति यदि गृहित्वा शारदा सर्वकालं।**

**तदपि तवगुणानाम् इर्श पारं न याति॥**

અર્થાત્ જો સમુદ્રને સ્યાહી પાત્ર બનાવી દેવાય, વૃક્ષોની ડાળીઓને કલમ બનાવાય, પૂરી પૃથ્વીને કાગળ બનાવાય અને સ્વયમ્ માં શારદે ઈશ્વરની મહિમા લખવા બેસે તો પણ એમના ગુણોંનો કોઈ પાર આવે તેમ નથી.

કુરાનમાં પણ અલ્લાહની મહિમા વિષે આવોજ કાંઇક ઉલ્લેખ છે કે તે રહેનુમા અર્થાત્ દયાના સાગર છે અને જીવ માત્રનું પાલન કરનાર એક જ ખુદા મહાન છે.

## ૫. પરમાત્મા તેને જ કહી શકાય જે ""સર્વથી ન્યારા"" હોય.

પરમાત્મા સર્વ ગુણોં, શક્તિઓ અને મુલ્યોના સાગર હોવાના કારણે અપરિવર્તનશીલ હોવા અનિવાર્ય છે. અપરિવર્તનશીલ તેજ રહી શકે, જે સર્વથી ન્યારા હોય અર્થાત્ પરમાત્મા તેનેજ કહી શકાય જે સુખ-દુઃખ, કર્મ-ફળ, જન્મ-મૃત્યુ જેવા દ્વંદ્વોથી પર હોય. બીજા શબ્દોમાં આપણે પરમાત્મા એને જ માની શકીએ, જે અજન્મા, અકર્તા, અભોક્તા અને કર્મબંધનથી મુક્તહોય. આ વાત શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહી છે.

હવે આપણે કોઈ પણ સાકાર દેહધારીને, પછી તે દેવાત્મા, પુણ્યાત્મા, ધર્માત્મા, મહાત્મા કે સંત આત્મા કેમ ન હોય, તેઓને ઉપરના પાંચ મુદ્દાઓ લાગુ કરવાનો પ્રયાસ કરીશું, તો તે લાગુ નહીં પડી શકે. કારણકે

- કોઈ પણ સાકાર દેહધારી વ્યક્તિ કદી પણ સર્વમાન્ય હોઈ શકે નહીં, કારણ કે સર્વ ધર્મની આત્માઓ પોત-પોતાના ઇષ્ટદેવ અને પયગંબરોને પૂજતા હોય છે

- દરેક દેહધારી વ્યક્તિને પોત-પોતાના માતા-પિતા, શિક્ષક, ગુરૂ, કે રક્ષક અવશ્ય હોય છે, એટલે તેને સર્વોચ્ચ ના કહી શકાય.
- સાકાર દેહધારી મનુષ્ય જન્મ-મૃત્યુ, સુખ-દુ:ખ, પાપ-પુણ્ય, કર્મ-ફળ, વગેરેના બંધનોથી મુક્ત નથી. એટલે તે સર્વથી ન્યારા પણ ન રહી શકે.
- કોઈ પણ સાકાર દેહધારી મનુષ્ય સર્વ બાબતોનો જ્ઞાતા અર્થાત સર્વજ્ઞ ન હોય શકે.
- આ વિશ્વમાં એવી કોઈ દેહધારી વ્યક્તિ ન હોઈ શકે, જેના માટે કશું જ કરવું અશક્ય ન હોય, જે સર્વશક્તિમાન, સર્વગુણોં અને સર્વ મૂલ્યો(Values) નો સાગર હોય તેમજ જે અપરિવર્તનશીલ હોય.

આ બાબતોથી એ સિદ્ધ થાય છે કે કોઈ પણ સાકાર દેહધારી વ્યક્તિ, એટલે કે શરીરધારી વ્યક્તિ પરમાત્મા હોઈ ન શકે. તો હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું આ જગતમાં એવી કોઈ હસ્તી છે જેને આ પાંચ મુદ્દાઓ લાગુ પડી શકે? તો તેનો ઉત્તર 'હા' છે. હા, એવી હસ્તી છે જેને આ પાંચ મુદ્દાઓ લાગુ પડે છે.

આ માટે આપણે જગતના મહાન ધર્મોના ધર્મસ્થાપકોએ પોતાની સ્વાનુભૂતિના આધારે ઈશ્વર વિષે જે મંતવ્યો રજુ કર્યા છે તેને સમજવા પ્રયાસ કરીએ.

# વિવિધ ધર્મસ્થાપકોના પરમાત્મા વિશેના મંતવ્યો :-

## હિન્દુધર્મ :-



સનાતન હિન્દુ ધર્મમાંવૈદિક સમયથી નિરાકાર, જ્યોતિર્બિન્દુ સ્વરૂપશિવની જ્યોતિર્લીંગના રૂપમાં પૂજા થતી આવી છે કારણકે જ્યોતીર્બીન્દુ સ્વરૂપમાં શિવની પૂજા-અર્ચના કરવી એ અસંભવ છે, એટલે પૂજા-અર્ચનાની સુવિધા માટે જ્યોતિ લીંગની સ્થાપના કરી એની પૂજા-અર્ચના કરવાની વાત વેદોમા વર્ણિત છે. સર્વ મનુષ્ય આત્માઓના પરમપિતા પરમાત્માને દેહાતીત, અજન્મા, અકર્તા, અભોક્તા અને અવ્યક્ત સ્વરૂપે સ્વીકાર કરવામાં આવ્યાં છે. પ્રાચીન સમયથી ભારતમાં તેમજ વિશ્વના અન્ય દેશોમાં ઠેર-ઠેર પ્રચલિત શિવ મંદિરો આવેલા છે જે નિરાકાર જ્યોતિર્બિંદુ શિવ પરમાત્માની યાદગાર છે. આ શિવ મંદિરોમાં અમરનાથ ,સોમનાથ, વિશ્વનાથ,કેદારનાથ, પશુપતિનાથ, વૈદ્યનાથ, ત્રંબકેશ્વર, મહાકાલેશ્વર,

નાગેશ્વર વગેરે ઉલ્લેખનીય છે. જેમાં કોઈ દેહધારીની મુર્તિ નહીં પરંતુ લિંગ ની સ્થાપના કરી છે અને તેનુ જ પૂજન અર્ચન કરવામાં આવે છે.

ભારતમાં શિવ પરમાત્માને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એમ ત્રિદેવોના રચયિતાના રૂપમાં તેમજ તે ત્રણે દેવોના આરાધ્યના રૂપમાં સ્વીકારવામાં આવ્યા છે. શ્રી રામ, શ્રીકૃષ્ણ જેવા દેહધારી મહાન દેવાત્માઓના પણ તે આરાધ્ય રહ્યા છે.શ્રી રામ આટલું શ્રેષ્ઠ તેમજ આદર્શ જીવન કેમ જીવી શક્યાં? કારણકે શ્રી રામે પોતાના શ્રેષ્ઠ ચરિત્રના નિર્માણ અર્થે તેમજ તેના જતન માટે તેમના આરાધ્ય પરમાત્મા શિવનું હમેંશા પ્રેમ પૂર્વક મનન-ચિંતન કર્યું છે. સીતા સ્વયંવર વખતે પણ શિવ ધનુષ ઉપાડવાની તેમજ તેને તોડવાની ક્ષમતા તેમણે પરમાત્મા શિવની કૃપાથી જ પ્રાપ્ત કરેલી. લંકા વિજયમાં પડેલી મુશ્કેલીના સમયે પણ શ્રી રામે સમુદ્રતટ પર શિવલીંગની સ્થાપના કરી જ્યોતિસ્વરૂપ શિવ પરમાત્માની આરાધના કરી હતી અને પરમાત્મા શિવે તેમના કાર્યને સહજ બનાવ્યું હતું. જે આજે પણ રામેશ્વરમમાં રામેશ્વર જ્યોતિર્લીંગ સ્વરૂપે પૂજાય છે. રામેશ્વર અર્થાત જે રામના પણ ઈશ્વર છે. તેજ પ્રમાણે શ્રી કૃષ્ણે પણ મહાકાલેશ્વરમાં પરમાત્મા શિવાની આરાધના કરી હતી. શ્રી કૃષ્ણ ને સુદર્શન ચક્રની પ્રાપ્તિ પણ ભગવાન શિવ પાસેથી થઈ હતી. આપણા દેશમાં અનેક સ્થળોએ કૃષ્ણેશ્વર,ગોપેશ્વર મહાદેવના મંદિરો પણ આવેલા છે. કૃષ્ણેશ્વર અર્થાત જે કૃષ્ણના પણ ઈશ્વર છે તે કૃષ્ણેશ્વર.

સર્વ શાસ્ત્ર શિરોમણી શ્રીમદ ભાગવત ગીતામાં પણ પરમાત્મા પોતાનો પરિચય આપતા કહે છે કે “ હું નિરાકાર છું, ૐ કાર સ્વરૂપ છું, સર્વ જ્યોતિ સ્વરૂપ આત્માઓનો પરમપિતા મહાજયોતિ સ્વરૂપ છું. હું અજન્મા, અકર્તા, અભોક્તા, અવ્યક્ત, અવ્યય, તેમજ અકાય છું. ગીતાના આ શ્લોકથી ઉપરોક્ત વાતને સમર્થન મળે છે.



नाहं प्रकाश: सर्वस्य योगमायासमावृंत:|

मूढ़ाडयं नाभिजानाती लोकोमामजमव्ययम||------अध्याय -७ श्लोक-२५

અર્થાત મારી યોગમાયાથી ઢંકાયેલો હું બધાને દેખતો નથી. મૂર્ખ અને અબુધજનો જાણતા નથી કે હું અજન્મા અને અવિનાશી છુ.

ज्यातिषामपि तज़्ज्योति स्तमस: परमुच्यते

ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हयदि सर्वस्य विष्टितम || ---------

પરમાત્મા આત્મારૂપી જ્યોતિઓનો મહાજયોતિ સ્વરૂપ છે જે, અજ્ઞાન અંધકારથી પણ પરે છે. તે જ્ઞાનસ્વરૂપ જાણવા યોગ્ય અને જ્ઞાનથી જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે બધાના હ્રદયમાં બિરાજમાન છે.

यो मामजमनादि च वेत्ति लोकमहेश्वरम

असम्मूढ स मत्येर्षु सर्व पापै: प्रमुच्यते ||----------अध्याय १० श्लोक ३

જે મને અજન્મા, અનાદિ અને લોકોના મહાન ઈશ્વરના રૂપમાં જાણે છે એવો મોહ રહિત જ્ઞાનીપુરુષ બધા પાપોથી મુક્ત થઈ જાય છે.

माया ततमिदं सर्व जगद्व्यक्तमूर्तिना

मत्स्थानि सर्व भूतानि न चाहं तेष्ववस्थित: |-------अध्याय ९ श्लोक ४

આ સંપૂર્ણ જગત મુજ પરમાત્માના અવ્યક્ત સ્વરૂપથી જાણકાર છે. ભૂતમાત્ર મારામાં સ્થિત છે,પરંતુ હું તેમનામાં સ્થિત નથી.

## ખ્રિસ્તી ધર્મ :-



ખ્રિસ્તીધર્મના સ્થાપક ઈશુ ખ્રિસ્ત પરમાત્માનો પરિચય આપતા કહે છે કે

**God is there God is there** – પરમાત્મા છે. **God is one** - પરમાત્મા એક જ છે. **God is light** -પરમાત્મા પ્રકાશ સ્વરૂપ છે. **God is beyond birth and death a** – ઈશ્વર જન્મમરણ રહિત છે. અર્થાત ઈશ્વરઅકાય (દેહાતીત) તેમજ અવ્યક્ત છે. **God is Love** – પરમાત્મા પ્રેમ સ્વરૂપ છે. **God is supreme father of all** –પરમાત્મા સર્વ

મનુષ્ય આત્માઓના પારલૌકિક પરમપિતા છે. God dwells in seventh sky -પરમાત્મા આકાશની પેલે પાર સાતમા આસમાનમાંનિવાસ કરે છે. God is liberator of all–પરમાત્મા સર્વના મુક્તિદાતા છે.

જ્યોતિ સ્વરૂપ પરમાત્માના પ્રતિક રૂપે ચર્ચમાં મોમબત્તી જલાવાની પ્રથા ચાલતી આવી છે.

## ઈસ્લામ ધર્મ:-



ઇસ્લામ ધર્મના સ્થાપક મહંમદ પૈગમ્બર સાહેબ અલ્લાહનો પરિચય આપતા કહે છે " "અલ્લાહ છે અને અલ્લાહ એકજ છેતેમજ અલ્લાહનૂર છે" " અર્થાત્ જ્યોતિસ્વરૂપ–પ્રકાશ સ્વરૂપ છે. " "લાઇલાહ ઈલ્લલ્લાહુ" " અર્થાત્ અલ્લાહથી અલગ કોઈ ભગવાન નથી. " "અલ્લાહ હો અકબર" " **અર્થાત્** અલ્લાહ જ સર્વથી શ્રેષ્ઠ છે, અલ્લાહથી મોટો બીજો કોઈજ નથી, અલ્લાહસર્વના તાલા છે અર્થાત્ બધી જ રૂહો (આત્માઓ)નો રૂહાની પિતા છે, માલિક છે. ઇસ્લામ ધર્મમાં નિરાકાર જ્યોતિસ્વરૂપ અલ્લાહને'સંગેઅસ્વદ' તથા'નૂરે ઇલાહી' ના રૂપે યાદ કરવામાં આવે છે. તેઓ અલ્લાહને રહેમાન (દયાના સાગર), રહીમ(કરૂણામય), અસ્સલામ(અલિપ્ત), અલ્મુલીન(શાંતિદાતા), અલ જબ્બાર (સર્વ શક્તિવાન), વગેરે રૂપે મહિમા કરે છે.

મુસ્લિમ ભાઈઓ પણ મક્કામાં હજ કરવા જાય છે ત્યારે એક અંગુષ્ઠાકાર પથ્થર, જેને'સંગ-એ-અસ્વદ' અથવા કાબાનો પવિત્ર પથ્થર કહેવામાં આવે છે તેને પોતાના શ્રદ્ધા સુમન અર્પણ કરે છે. આ પથ્થરનો આકાર પણ શિવલિંગના આકાર જેવો જ છે.

## શીખ ધર્મ :-



શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનક શીખોના ધર્મગ્રંથ 'ગુરૂગ્રંથ સાહેબ'માં પરમાત્મા વિષે કહે છે કે "પરમાત્મા

**"ઇક ઓમકાર નિરાકાર – સતનામ – કર્તા પુરુષ – નિર્ભય – નિર્વૈર – અકાલમૂર્ત – અજૂની -સ્વયાભગ – ગુરુપ્રસાદ**

**–અદ સચ્ – જુગાદ સચ્– હૈ ભી સચ્ – નાનક હોસીભી સચ્." હૈ"**

અર્થાત્ પરમાત્મા એકજ છે. ઓમકાર સ્વરૂપછે. એનું નામ સત્ય છે. એ સારી સૃષ્ટિના કર્તા  છે. તેઓ ભયમુક્ત છે. તેઓ વૈર, ઘૃણાથી મુક્ત છે. તેઓ કાલથી રહિત છે તેમજ જન્મ-મરણના બંધનથી મુક્ત છે. કારણકે તેઓ  સ્વયં જ પોતાની સત્તાથી પ્રકાશિત છે. તેના વાસ્તવિક સ્વરૂપને ગુરુની કૃપાથી જ જાણી શકાય છે. તેનો જાપ કરો, તેનું ધ્યાન કરો. તેઓ આદિ સમયથી જ સત્ય છે. યુગોથી સત્ય છે. અત્યારે પણ સત્ય છે. પરમાત્માનું સત્ય સ્વરૂપ ભવિષ્યમાં પણ હમેશાં રહેશે.

આ પ્રમાણે પરમ જ્યોતિ સ્વરૂપ, સ્વપ્રકાશ સ્વરૂપ, નિરાકાર, ઓમકાર સ્વરૂપ , દેહ રહિત પરમાત્માની જ શીખ લોકો પ્રાર્થના કરે છે.

## યહૂદી ધર્મ :-

યહૂદી ધર્મના લોકો ભગવાનને 'ચેહોવા' અથવા 'જેહોવા' ના રૂપે અર્થાત્ પ્રકાશ સ્વરૂપે યાદ કરે છે. યહુદીઓના'તોરા' ગ્રંથ અનુસાર પયગંબર મોસેસ (મુસો)ને સિનાઈ પર્વત પર પરમાત્માનો જ્યોતિસ્વરૂપે સાક્ષાત્કાર થયા પછી ઈજીઈલ જનતાને તેમણે દશ આદેશો (Ten Commandments)ના રૂપમાં જે સંદેશ આપ્યો તેમાં પરમાત્મા વિષે આ પ્રમાણે જણાવ્યું છે.

હું તારો ઈશ્વર 'ચેહોવા' યા'જેહોવા' છું, મારો પ્રકાશ જ તારી સદા રક્ષા કરે છે. પ્રકાશ સ્વરૂપ એવા, મારા સિવાય બીજા કોઈ દેવતા પર તું વિશ્વાસ કરીશ નહિં. આકાશમાં, પૃથ્વીમાં કે પાણીમાં કોઈપણ રૂપે ભગવાનની મુર્તિ બનાવી તેની આરાધના કરીશ નહિં. પૂજા કરીશ નહિં. તારો પરમેશ્વર હું જ ચેહોવા છું, એટલે મને આપવા યોગ્ય સન્માન બીજાને ન આપી શકાય, કારણકે મારા સમાન કોઈ નથી. હું જ સર્વોત્તમ છું. હું જ સર્વશક્તિમાન છું. મારા નામનો કોઈ અનુચિત કામ માટે ઉપયોગકરીશ નહિં.



**બૌદ્ધ ધર્મ:-** જાપાનમાંબૌદ્ધ ધર્મનો એક પંથ છે, જેના અનુયાયીઓ એક અંગુષ્ઠાકાર પથ્થર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી પરમાત્માની આરાધના કરે છે, જેને તેઓ તેમની ભાષામાં " "ચિનકૌનસેકી"" (શાંતિદાતા) કહે છે.

**પારસી ધર્મ:-** આ ધર્મમાં પણ અગ્નિના પ્રકાશ

(આતસ)ને ઈશ્વરનું સ્વરુપ માનવામાં આવે છે. એટલે જ પારસીઓના ધર્મ સથાન અગિયારીમાં અને મોટા ભાગના ઘરોમાં પણ સદા માટે અગ્નિ પ્રજ્વલિત રાખવામાં આવે છે.

**ઉપરોક્ત વિગતોથી સ્પષ્ટ થાય છે કે સર્વ ધર્મની આત્માઓના પિતા એકજ પ્રકાશ સ્વરૂપ પરમેશ્વર છે.**

## સ્વયં પરમાત્માએ આપેલો સ્વયંનો પરિચય:

પુરુષ, પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચે ખેલાઈ રહેલું આ વિશ્વનાટક એક ચક્ર(Cycle)ના રૂપમાં અનાદિ સમયથી ચાલતું આવ્યું છે અને અનંત સુધી ચાલતું રહેશે. આ ચક્ર સતયુગ-Golden Age, ત્રેતાયુગ-Silver Age, દ્વાપરયુગ-Coper Age




અને કળીયુગ-Iron Age એમ ચાર યુગોનું બનેલું છે. આ આખા ચક્ર દરમ્યાન આ નાટક પોતાની શ્રેષ્ઠ અવસ્થામાંથી કનિષ્ઠ અવસ્થામાં પરીવર્તન પામે છે. પરંતુ કનિષ્ઠ કળીયુગના અંત પછી શ્રેષ્ઠ સતયુગની સ્થાપના થાય છે આ બે યુગો વચ્ચેનો સંધિકાળ એ કલ્યાણકારી સંગમ યુગ છે. આ અતિ ધર્મગ્લાનિના સમયે

પરમાત્મા, ગીતામાં પોતેજ આપેલા વચન અનુસાર, બ્રહ્માના તનમાં અવતરણ કરી પોતેજ પોતાનો સત્ય પરિચય આપે છે. વર્તમાન સમય પણ સંગમયુગનો જ ચાલી રહ્યો છે. અને આ સમયે સ્વયં જ્યોતિબિંદુ પરમાત્મા શિવ વિશ્વનાટકના પોતાના પાર્ટ અનુસાર બ્રહ્માના તનમાં અવતરણ કરી ચૂક્યા છે અને આત્મા, પરમાત્મા અને સમગ્ર વિશ્વ નાટકનું સ્પષ્ટ સત્ય જ્ઞાન આપી રહ્યા છે. અહીયાં પરમાત્મા પોતેજ પોતાનો જે સ્પષ્ટ સત્ય પરિચય આપી રહ્યા છે તેની તુલના બીજી વિચારધારાઓ સાથે ના થઈ શકે. બ્રહ્માના તનમાં વર્તમાન સમયે અવતરિત થઈ પરમાત્મા પોતાનો પરિચય આપતા કહે છે કે.....



*હું સર્વ ધર્મની મનુષ્ય આત્માઓનો પારલૌકિક પરમપિતા પરમ આત્મા છું. મનુષ્ય આત્માઓની જેમ મારુ સ્વરૂપ પણ અતિ સૂક્ષ્મ જ્યોતિ બિંદુ સ્વરૂપ છે. હું હમેશાં સર્વ મનુષ્ય આત્માઓ માટે કલ્યાણકારી હોવાના કારણે મારુ ગુણવાચક તેમજ કર્તવ્ય વાચક નામ શિવ છે. એટલે તમે મને સદાશિવ રૂપે તેમજ સત્યમ શિવમ સુંદરમ રૂપે પણ યાદ કરો છો. જેમ તમે મનુષ્ય આત્માઓ અનેક શરીર રૂપી વસ્ત્રને ધારણ કરી આ વિશ્વનાટકમાં જન્મજન્માંતરનો પાર્ટ ભજવો છો તે પ્રમાણેના પાર્ટથી હું અલિપ્ત છુ. હું, જન્મ મરણ રહિત, અજન્મા છું. એટલે અકર્તા અને અભોક્તા પણ છું. હું, દેહાતિત હોવાના કારણે, હમેશાં મારી નિરાકારી અવસ્થામાં સ્થિત રહું છું. એટલેજ મારી પૂજા કોઈ દેહધારી સ્વરૂપે નહીં પરંતુ જ્યોતિર્લીંગ સ્વરૂપે થાય છે. મારુ નિવાસ સ્થાન આ પાંચ તત્વોની બનેલી સાકારી દુનિયાથી પાર ઊંચામાં ઊંચું પરમ ધામ છે. આ ધામમાં પાંચ તત્વોનું કોઈ જ અસ્તિત્વ નથી. તે એક નિરાકારી દુનિયા છે. આ સૃષ્ટિ રૂપી નાટકમાં મારુ કર્તવ્ય સૃષ્ટિ પરિવર્તનનું છે. સૃષ્ટિ ચક્રના સંગમ યુગે બ્રહ્માના તનમાં અવતરિત થઈ જ્ઞાન યોગની શિક્ષા આપી, કળીયુગી દુનિયાના વિનાશ બાદ, હું તમારા દ્વારા એક સતયુગી નવી દુનિયાની સ્થાપના કરું છું. એક કલ્પનું બનેનું આ સમગ્ર સૃષ્ટિચક્ર એક વૃક્ષ સમાન છે જેનો ઉલ્લેખ કલ્પવૃક્ષ તરીકે કરવામાં આવ્યો છે. હું આ કલ્પવૃક્ષનો બીજ રૂપછું.*

વર્તમાન સંગમયુગમાં સર્વ ધર્મની આત્માઓના પિતા સ્વયં પરમાત્મા શિવે પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા સ્વયંનો જે પરિચય આપ્યો છે,તેની સમજ દ્વારા આપણાં સૌના પારલૌકિક પરમપિતા પરમાત્મા વિષેની અનેક વિરોધાભાસી માન્યતાઓ, શ્રધ્ધાઓ અને મંતવ્યોથી આપણે મુક્ત થઇ શકીશું.



## આત્મા અને પરમાત્મા વચ્ચે સામ્ય અને વૈષમ્ય :-

આગળ આત્માના વર્ણનમાં પ્રાપ્ત થયેલા આત્માના સ્પષ્ટ પરિચય તેમજ સ્વયં પરમાત્માએ આપેલા પોતાના ઉપરોક્ત સ્પષ્ટ પરિચય બાદ આત્મા અને પરમાત્મા વચ્ચેનું સામ્ય અને વૈષમ્ય પણ સ્પષ્ટ થઇ જાય છે.

### સામ્ય

| મનુષ્ય આત્માઓ | પરમાત્મા |
|---|---|
| ચૈતન્ય છે. | ચૈતન્ય છે. |
| અતિસૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ છે. | અતિસૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ છે. |
| શાશ્વત, સનાતન, અજર, અમર, અવિનાશી અને નિરાકાર છે. | શાશ્વત, સનાતન, અજર, અમર, અવિનાશી અને નિરાકાર છે. |
| પરમધામ નિવાસી છે. (સદા નહિ) | સદા પરમધામ નિવાસી છે. |

### વૈષમ્ય

| મનુષ્ય આત્માઓ | પરમાત્મા |
|---|---|
| આત્માઓ અનેક છે. | પરમાત્મા એક જ છે. |
| જન્મ મરણના ચક્રમાં આવે છે. | અજન્મા છે. |
| માતાના ગર્ભથી જન્મ લે છે. | અયોનિજ છે. |
| સ્થૂળ કયા સાથે સૂક્ષ્મ શરીર પણ ધારણ કરે છે. | અકાય છે. અશરીરી છે. |
| સુખ-દૂ:ખ ભોગવે છે. | અભોક્તા છે. |
| સંપૂર્ણ અહિંસક નથી. | સંપૂર્ણ અહિંસક છે. |
| આત્માઓ સ્વાર્થી પણ બને છે. | નીતિ કલ્યાણકારી છે. |
| વિકારોના પ્રભાવમાં આત્માઓની અવસ્થા બદલાય છે, માટે સત્વ, રજસ તેમજ તમસ સ્થિતિમાં પરિવર્તન પામે છે. પાપ અને પુણ્યથી લોપાયમાન થાય છે. | વિકારોના પ્રભાવથી સંપૂર્ણ મુક્ત, અપરિવર્તનશીલ, નિર્લેપ, અને સદાશિવ છે. |
| અનાદિ-આદિ સ્વરૂપે ,શાંતસ્વરૂપ, સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ, પ્રેમ સ્વરૂપ, | સદા શાંતિના સાગર, સુખના સાગર, આણંદના સાગર, પ્રેમના સાગર, |

| | |
|---|---|
| પવિત્ર સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ તેમજ શક્તિ સ્વરૂપ છે. | પવિત્રતાના સાગર, જ્ઞાનના સાગર તેમજ શક્તિઓના સાગર, સર્વગુણોના ભંડાર છે. |
| વધારે થી વધારે ૮૪ તથા ઓછામાં ઓછો ૧ જન્મ લે છે. | પરમાત્મા માત્ર સંગમયુગમાં પરકાયા પ્રવેશ કારી અવતરણ કરે છે. |
| હર જન્મમાં શરીરના નામ અલગ-અલગ હોય છે. | પરમાત્માનું એક જ નામ 'શિવ' છે. |

## શું પરમાત્મા સર્વવ્યાપી છે?

વિશ્વમાં એવી પણ એક માન્યતા પ્રવર્તે છે કે પરમાત્મા સર્વવ્યાપી છે અર્થાત્ કણ-કણમાં વ્યાપ્ત છે. આ માન્યતા ભાવનાત્મક સ્તરપર યોગ્ય હોઈશકે, પરંતુ સૈદ્ધાંતિક રીતે જોવા જેઇએ, તોતેની યથાર્થતા માટે ઘણાં સંશય ઊભા થાય છે.

- પ્રથમ તો પરમાત્મા જો સર્વવ્યાપી હોય અર્થાત્ કણ-કણમાં વ્યાપ્ત હોય તો આ સૃષ્ટિને આપણે જે પરમાત્માની રચના માનીએ છીએ અને સ્વયં પરમાત્માને આપણે જ સૃષ્ટિના રચયતા માનીએ છીએ, તે રચના અને રચયીતાનો ભેદ જ સમાપ્ત થઇ જાય છે. પરમાત્મા કણ-કણમાં વ્યાપ્ત છે તેનું અર્થઘટન એવું થાય કે આ સમગ્ર જડ્સૃષ્ટિ અને જીવસૃષ્ટિ જ પરમાત્મા છે અને પરમાત્માના સત્ય પરિચયમાં આપણે જોયું કે પરમાત્માને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે તેઓ સર્વ મનુષ્ય આત્માઓના પિતા છે તેમનું પોતાનું આગવું નામ, રૂપ, ગુણ, કર્તવ્ય અને ધામ છે. તેઓ જગત નહીં પણ જગતનિયંતા છે અર્થાત્ તેઓ કણ-કણમાં વ્યાપ્ત નથી, પણ કણ-કણના રચયિતા છે. જો તેઓ કણ-કણમાં વ્યાપ્ત નથી, પણ કણ-કણના રચયિતાછે. જો તેઓ કણ-કણમાં વ્યાપ્ત હોય તો શું આપણે તેમના પર ચાલીએ  છીએ અને તેમને જ ખાઈએ છીએ, પીએ છીએ, ઈત્યાદિ.
- પરમાત્માના નિવાસસ્થાન વિશે વિવિધ ધર્મો તેમજ ધર્મ સ્થાપાકોની વિચાર ધારાઓની ચર્ચા દરમ્યાન આપણે જોયું કે તેઓ દરેકે પરમાત્માના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે અને પરમાત્મા આ સાકાર લોકના નથી પરંતુ સાકાર લોકની ઉપર આવેલા પરમધામના નિવાસી છે, ન કે કણ-કણમાં. ગીતામાં પણ પરમાત્માએ સ્પષ્ટપણે કહ્યું છે કે, " જયારે-જયારે ધર્મનીઅતિગ્લાનિ થાય છે ત્યારે-ત્યારે હું મારા પરમધામમાંથી આ સાકાર લોકમાં આવું છું", અર્થાત્ હું આ મૃત્યુલોકનો નિવાસી નથી જ.

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**

**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**

અર્થાત્ હે ભારત ! જયારે-જયારે ધર્મની ગ્લાની થાય છે અને અધર્મનું જોર વધે છે ત્યારે-ત્યારે હું સ્વયમ  સતધર્મની સ્થાપના અર્થે અવતરણ કરું છું.

- આત્મા અને પરમાત્મા વચ્ચેના અંતરની આગળ ઉપરની ચર્ચાથી પણ એ વાત સ્પષ્ટ થાય છે કે આત્મા અને પરમાત્મા બંને એકબીજાથી ભિન્ન છે. આ સૃષ્ટિ-રૂપી નાટકમાં જીવ, જગત અને જગદીશ અથવા આત્મા, પરમાત્માઅને સૃષ્ટિ (Man, Matter and God ), આ ત્રણેયને પોતાનું આગવું સ્વંતત્ર અસ્તિત્વ છે.
- પરમાત્માને આપણે આપણા પરમ પિતા, પરમ શિક્ષક અને પરમ સદગુરુ માનીએ છીએ, તો શું કોઈ પિતા પોતાના પુત્રમાં કે શિક્ષક અથવા ગુરૂ ,પોતાના શિષ્યમાં વ્યાપ્ત હોય શકે? સર્વાવ્યપીની માન્યતાથી બે વચ્ચેનો ભેદ સમાપ્ત થઇ જાય છે. પરમાત્મા સર્વવ્યાપી હોય તો સૌ દુઃખી કેમ છે? પરસ્પર લડે છે કેમ ? અને એક બીજાનેદુઃખ કેમ આપે છે ?
- વિશ્વબંધુત્વની ભાવનાનો સ્વીકાર સર્વ ધર્માએ કરેલો છે. આપણે માનીએ છીએ કે આપણે સૌ મનુષ્યઆત્માઓ એક જ પારલૌકિક પરમપિતાના સંતાનો છીએ અને આપસમાં વાસ્તવિક રીતે ભાઈ-ભાઈ છીએ અર્થાત્ સર્વ આત્માઓ અને પરમાત્મા અલગ છે, પરંતુ તેમની વચ્ચે પિતા અને પુત્રનો સંબંધ અવશ્ય છે. પરમાત્મા જો સર્વવ્યાપી હોય અર્થાત્ આત્મા પરમાત્મા એક જ હોય તો વિશ્વબંધુત્વની નહીં પણ વિશ્વપિતૃત્વની વાતો કરવી જોઇએ.
- પરમાત્મા જો સર્વવ્યાપી હોય તો તેમને વન-વન ભટકી શોધવાની કે પ્રાર્થના કરવાની અને “દર્શન આપો પ્રભુ”, એવું કહી પોકારવાની જરૂરત પડે ખરી? સાધુ, સન્યાસીઓ એક તરફ પરમાત્મા શિવની અર્થાત્ શિવલીંગની સ્થાપના કરી પૂજા કરે છે અને બીજી બાજુ સ્વયંને જ શિવ સમજીશીવોહમ્” (હું જ શિવ છું) ની રટ લગાવે છે તો શું આ વિરોધાભાસ નથી? દુઃખમાં, બીમારીમાં કે અંતિમ ઘડીઓમાં ભગવાનને યાદ કરી કહીએ છીએ, “હે પ્રભુ દુઃખ હરો”, એવું કહેવાની જરૂર ખરી?
- પરમાત્માને આપણે “સર્વગુણોંના સાગર, સર્વશાક્તિઓના સાગર, દયા તેમજ કરુણાના સાગર” કહીએ છીએ. દરેક વસ્તુ અથવા વ્યક્તિ જ્યાં ઉપસ્થિત હોય, ત્યાં તેના ગુણ પ્રત્યક્ષ થયા વિના રહે નહીં અર્થાત્ જ્યાં ગુણી છે ત્યાં ગુણ છે, દા.ત., ગરમ તાપવેલું લોખંડ તેના ગરમીના ગુણને પ્રત્યક્ષ કર્યા વગર રહી શકે નહીં. તેથી જો પરમાત્મા સર્વવ્યાપી હોય તો તેમના સર્વ ગુણોં તેમજ

શક્તિઓ દરેક સ્થાને પ્રત્યક્ષ થવા જોઇએ. પરંતુ આજે તો દુનિયાની એવી પરિસ્થિતિ છે કે પરમતમના ગુણ કે તેનો અંશ કોઈ પણ માનવ કે પ્રાણીમાં શોધવો મુશ્કેલ છે.

આ બાબતોથી સ્પષ્ટ થાય છે કે પરમાત્મા સર્વવ્યાપી નથી, પરંતુ જગતથી અલગ તેમનું સ્વતંત્ર અસ્તિત્વ છે. પરમાત્મા રચયિતા છે અને જગત, જે કણ-કણનું બનેલું છે તે તેની રચના છે, ભાવનાત્મક રીતે જોઇએ તો જેમ કોઈ પ્રિયતમા પોતાના પ્રિતમના પ્રેમમાં ભાવવિભોર થઇ જાય છે ત્યારે તેની નજર જ્યાં પડે છે ત્યાં તેને તેનો પ્રેમી જ દેખાય છે (દા.ત., મીરા). તેજ રીતે , પ્રભુ સ્મૃતિમાં સ્થિત તન્મય થયેલા, ભાવવિભોર થયેલા ભક્ત જ્યાં જુએ છે ત્યાં પ્રભુના દર્શન થઇ શકે છે. આનો અર્થ એ ન થઇ શકે કે પ્રિયતમાનો પ્રિયતમ યા ભગવાન સર્વવ્યાપી છે. તેનો પ્રેમી કોઈ ચોક્કસ સ્થાને બેઠેલો હોય છે. આથીએ સ્પષ્ટ થાય છે કે સર્વવ્યાપકતા એ ભાવના હોઈ શકે પણ સત્ય નહીં.